# કોરોનાના ડર વચ્ચે ઉત્તરાયણ પર્વ સંપન્ન

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પતંગપર્વની ફિક્કી ઉજવણી, મોટાભાગના પતંગરસીયા નિરસ : ઉત્તરાયણના દિવસે ૩૧ પતંગ રસિયા ઘાયલ, ૩ ની હાલત ગંભીર : પવન દેવ રીઝ્યા : વીજળી વિલન બનતાં પતંગ રસિયા ગીન્નાયા

શુક્રવારે પવન દેવની દિવસ દરમ્યાન કૃપા વરસતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના લાખો પતંગ મોટાભાગના ધાબા-અગાશી સુમસામ જણાતા હતા. કયાંક એક્કલ દોક્કલ ધાબાઓ ઉપર વધુ પસંદ કરતાં એકંદરે પતંગપર્વની ઉજવણી ફિક્કી રહી પરંતુ પ્રજાએ દિવસ દરમ્યાન ફાફળા-જલેબી,

જિલ્લાના પતંગ રસિયાઓ છેલ્લા એક મહિનાથી ઉત્તરાયણ પર્વની ભારે આતૂરતાપૂર્વક રાહ પ્રતિબંધ લાગ્યો હોવાથી પતંગ રસીયાઓમાં નારાજગી જોવા મળી. તા.૧૪ જાન્યુઆરીએ વાગ્યા સુધી પતંગરસીયાઓની ગેરહાજરીના કારણે સૂમસામ ભાસતા હતા. પ્રારંભમાં ઠંડીનો પતંગ ઉત્સવ જેવું જોવા મળ્યું. જ્યારે મેદાની વિસ્તારોમાં પતંગ લૂંટવા આવેલા લોકો પણ પ્રથમવાર ગરબાની રમઝટ બોલાવતા જોવા મળ્યા હતા. વેપારીઓ પણ આ વર્ષે ઉત્તરાયણપર્વમાં જોઈએ તેવો





રસિયાઓ આકાશી યુદ્ધ નજારો માણશે તેવી સંભાવના વચ્ચે કોરોનાનો ડર ઉત્તરાયણપર્વમાં હાવી રહેતા અત્યાર સુધીના તમામ પર્વમાં પતંગપર્વની ફિક્કી ઉજવણી જોવા મળી. બપોરથી સાંજ સુધી પતંગ રસીયાઓ જોવા મળ્યા. જ્યારે ઠંડીનું જોર વધુ હોવાથી વૃદ્ધોએ ધાબા ઉપર જવાનું ટાળ્યું હતું. મોટાભાગના લોકોએ પતંગ ઉડાડવાના બદલે ઘરમાં અને બહાર કૂણા-કૂણા તાપમાં બેસવાનું ઉંધીયું, કચોરી, તલપાપડી આરોગીને ઉત્તરાયણ પર્વને માણ્યું હતું. ઉત્તરાયણ દિવસે બંને જિલ્લામાં ૩૧ પતંગ રસીયા ઘાયલ થયા હતા જેમાં ૩ ની હાલત ગંભીર બતાવવામાં આવી છે.

જોવા લાગ્યા હતા. પરંતુ કોરોનાનું સંક્રમણ વધતાં એકાએક નિયંત્રણ વધ્યાં તુમજ તંત્ર દ્વારા ધાબા-અગાશી ઉપર બહારના લોકો એકઠા થવા ઉપર પ્રતિબંધ તેમજ ડીજે સાઉનડ વગાડવા ઉપર પણ જિલ્લાની પ્રજા ધાબા-અગાશી ઉપર ચડી આકાશી યુદ્ધને રોમાંચિત બનાવશે તેવી સંભાવના સવારથી જ ખોટી ઠરી. જિલ્લાના મોટાભાગના શહેરી વિસ્તારોમાં ધાબા-અગાશી સવારે ૧૦થી ૧૧ પ્રભાવ વધુ હોવાથી પતંગરસીયા ધાબા પર નહિ આવ્યાનું અનુમાન હતું. પરંતુ બપોર બાદ પણ જૂજ પ્રમાણમાંજ પતંગ રસીયાઓ પતંગ ઉડાડતા જોવા મળ્યા. સાંજે ૪ થી ૭ દરમ્યાન કેટલાંક વિસ્તારોમાં નિરસ જોવા મળ્યા. ટૂંકમાં કોરોનાનો ડર પ્રથમવાર વર્તમાનવર્ષના પ્રથમ પર્વ ઉપર હાવી થયાનું જોવા મળ્યું. જ્યારે સમીસાંજે કેટલાંક વિસ્તારોમાં ફટાકડાની આતીશબાજી તેમજ લોકોએ રાસ-ધંધો ન મળ્યાનો વસવસો વ્યકત કરતા જોવા મળ્યા. જ્યારે વારંવાર વીજળી વિલન બનતાં ધાબા-અગાશી ઉપર સંગીતની મોજ સાથે પતંગ ઉડાડતા હતા તેવા પતંગ રસીયાઓ ગીન્નાતા જોવા મળ્યા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૪૦૦ જલમંદિર અવાવારૂ બન્યાં

## વાવને જલમંદિરનો દરજ્જો આપી જાળવણી ભૂલાઈ

બાયડ તા.૧૫

પ્રાંચીન કલાત્મક વાવની જાળવણીમાં જિલ્લામાં પુરાતત્વ વિભાગને જરાય રસ હોય તેવું દેખાતું નથી અને હવે તો હદ થઈ હોય તેમ જે વાવને જલમંદિરનો દરજ્જો આપી જીવંત બનાવાઈ હતી તેવી વાવની જાળવણી ભૂલાઈ જતાં જલમંદિર અવાવારૂ કૂવા જેવાં બની ગયાં છે. જિલ્લામાં વાવને જલમંદિરનો દરજ્જો આપી સરકારી તંત્રએ મજાક કરી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી વાવની જાળવણી થાય અને જીવંત કરાયેલી વાવ લોક ઉપયોગી બની રહે તેવા આશય સાથે પ્રયાસ હાથ ધર્યા હતા અને વર્ષ-૨૦૦૮માં જિલ્લામાં અવાવારૂ બની રહેલી કેટલીક વાવનું સમારકામ કરી તેમને જલમંદિરનો દરજ્જો અપાયો હતો અને વાવ નજીક જલમંદિરનાં બોર્ડ ગોઠવી દેવાયાં હતાં પરંતુ ત્યાર પછી જલમંદિરની કોઈ જ રેખદેખ રખાઈ ન હોવાથી હાલમાં જલમંદિર અવાવારૂ કૂવા જેવાં બની રહ્યાં છે. જિલ્લામાં જલમંદિરો આસપાસ જાળીઝાંખરાં ફેલાઈ ગયાં હોવા છતાં સફાઈની કોઈનેય પડી નથી. ટૂંકમાં જિલ્લામાં વાવને જલમંદિરનો દરજ્જો આપી મજાક કરાઈ હોય તેવું જણાઈ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારો માટે વાવ અનેક રીતે ઉપયોગી સાબિત થતી આવી છે અને સરકારે શુભ આશય સાથે જલમંદિર તૈયાર કરાવ્યાં હતાં પરંતુ તેની યોગ્ય જાળવણી ન થતાં જલમંદિરની હાલત અવાવારૂ કૂવા કરતાં પણ બદત્તર બની રહી છે.

# જિલ્લામાં ખેતીવિભાગના અધિકારીનું પ્રેમપ્રકરણ ચર્ચાના છોગાને, સંસારમાં તિરાડ પડવાની શરૂઆત

## ખેતી વિભાગના અધિકારી વચ્ચેનું ઈલુ..ઈલુ..માં મોટા પર્દાફાશની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

જિલ્લામાં બાગાયત વિભાગમાં ફરજ બજાવતાં ખેતી અધિકારી અને આજ વિભાગના મહિલા અધિકારીનું પ્રેમપ્રકરણ ચર્ચાના છોગાને છે. સંસારમાં તિરાડ પડવાની શરૂઆત થયાનું પણ લોકમુખે સંભળાઈ રહ્યું છે. સરકાર દ્વારા વિવિધ જિલ્લાના અધિકારીઓની યોજાતી બેઠકોમાં વિભાગના તાબામાં સારી કામગીરી કરવાના લેસન આપવામાં આવે છે પરંતુ હવે અધિકારીઓની બેઠકોમાં એકબીજાની આંખમાં આંખ પરોવાઈ જવાના કિસ્સા સામે આવતા સરકારી ખર્ચે યોજાતી બેઠકો અધિકારીઓના પ્રેમપ્રકરણના શુભસ્થળ બની ગયા જેવી ચર્ચાઓ ચાલી છે. ખેતી વિભાગના અધિકારી વચ્ચેનું ઈલુ..ઈલુ...માં મોટા પર્દાફાશની સંભાવના છે. લોકચર્ચા તો એવી છે કે મહિલા અધિકારની પ્રેમપ્રકરણ તેના પતિએ મોબાઈલમાંથી પકડી પાડ્યા પછી મામલો હદ બહાર વણસી ગયો હતો અને આંધળાપ્રેમમાં ગળાબૂડ મહિલા અધિકારીએ તેના પતિને ચપ્પાંનો ઘા ઝિંકતા સારવાર લીધાની પણ વાતો હવે બહાર આવી રહી છે.

છેલ્લા કેટલાંય સમયથી અધિકારીઓ અને તેમના ચેમ્બરમાં ફરજ બજાવતી મહિલાકર્મીઓ સાથેના પ્રેમસંબંધ અવારનવાર બહાર આવતા હોય છે. બાયડમાં ફરજ બજાવી ચુકેલા ઈજનેર અને મહિલા કોન્ટ્રાક્ટરના પ્રેમપ્રકરણ છેક ગાંધીનગર સુધી પંકાયેલા છે. સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતાં ઈજનેરે તેની મહિલા કોન્ટ્રાક્ટર પ્રેમીકાને અનેક કામોની સોગાદ આપ્યાની પણ ચર્ચાઓ હજુ સમી નથી ત્યારે જિલ્લામાં ખેતી વિભાગમાં ફરજ બજાવતાં એક અધિકારીને તેમની સમકક્ષ મહિલા અધિકારી સાથે પ્રેમસંબંધ બંધાયો અને પછી કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે તેમ તમામ સીમાઓ વટાવતો ગયો. મહિલા અધિકારીના પતિને તેની પત્નીના વાણી-વર્તનમાં બદલાવ આવતા અનેક પ્રકારની આશંકાઓ ઉભી થઈ અને કહેવાય છે કે પાપ છાપરે ચઢીને પોકારતું હોય તે રીતે પત્નીના મોબાઈલમાંથી પ્રેમપ્રકરણનો ચીઠ્ઠો સામે આવ્યો. ઘરમાં ઝઘડો થયો પરંતુ સંતાનો સમજુ હતા એટલે પતિએ મનોમન બધી પીડા સહન કરી પરંતુ આ બાબતે ઉગ્ર ઝઘડો થતાં મહિલા અધિકારીએ તેના પતિને ચપ્પાના ઘા ઝિંકતાં તાબડતોબ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાનુ બહાર આવ્યું છે. પરંતુ અત્યારે તો સ્થિતિ એટલીહદે બેકાબૂ બની છે કે મામલો સંભવ છે કે પોલિસ સ્ટેશન સુધી પહોંચ્યો હોય. પરંતુ હવે સરકારી બાબુઓના કથિત પ્રેમપ્રકરણ કેટલા પરીવારોમાં આંધીનું સર્જન કરશે તે કહેવું અત્યંત મુશ્કેલ છે. પોતાના પુત્ર અને પરીવાર ઉપર ખોટા આરોપ મુકનારી મહિલા અધિકારી સામે સાસરીયાએ હવે વળતા ઘા રૂપે તમામ પુરાવા પોલિસને આપવાની તૈયારી કર્યાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. બધાં જ અધિકારીઓ ખરાબ હોતા નથી એટલે કદાચ વિભાગમાં કોઈ શબ્દનો અપભ્રંશ થતો હોય તો હંમેશા કનૈયો બની નવી નવી રાધાઓ શોધતા મહાશયોએ બંધબેસતી પાઘડી પહેરવાની જરૂર નથી.

# માતૃપ્રેમ : બાયડમાં વાહન ચાલકે ગલૂડીયાને કચડ્યું

## જનેતાએ ૧૦ જણને બચકાં ભર્યાં

બાયડમાં વાહન ચાલકે ગલૂડીયાને કચડી નાખ્યા પછી વિફરેલી જનેતાએ ૧૦ જેટલા રાહદારીઓને બચકાં ભરતાં ભયનો માહોલ છવાયો હતો. જ્યારે પોતાના સંતાન ગુમાવ્યાનો વલોપાત મૂંગા પશુ ઉપર સ્પષ્ટ જોવા મળ્યો હતો. બાયડમાં કોઈ વાહન ચાલકે ગલૂડીયાને કચડી નાખતાં મોત નિપજ્યું હતું. પોતાની નજર સમક્ષ ગલૂડીયાનું મોત નિપજતાં માદાએ રોડ ઉપર અડીંગા જમાવી દીધા ત્યારબાદ ગલૂડીયાના મૃતદેહને લઈ જવામાં આવ્યો પરંતુ માદાએ બનાવનું સ્થળ છોડ્યું ન હતું અને દિવસ દરમ્યાન રસ્તે જતા રાહદારીઓ ઉપર ખુન્નસ રાખી એક પછી એક ૧૦ જણને બચકાં ભર્યાનું જાણવા મળ્યું છે. જ્યારે આ બનાવ દિવસ દરમ્યાન પશુ પ્રેમીઓમાં ટોક ઓફ ધ ટાઉન બનીને રહ્યો હતો.

# શુભ મુહૂર્ત શરૂ : સાબરકાંઠા, અરવલ્લીમાં લગ્નસરાની સીઝન ખૂલી, કોરોનાનો ખોફ પણ જોવા મળ્યો

બાયડ તા.૧૫

એક મહિનાના કમુહૂર્ત પૂરા થયા છે. શનિવારથી શુભ મુહૂર્ત શરૂ થતાં લગ્ન સહિતના શુભ અવસરોની સીઝન ખીલતાં છેલ્લા બે દિવસથી કાપડ, કરીયાણા, ઝવેરી બજારમાં ઘરાકી જોવા મળી છે. અઢી મહિના સુધી લગ્નની મોસમ ચાલુ રહેશે જેના કારણે ધંધા-રોજગારને નવી ગતિ મળશે તેમ વેપારીઓ અનુમાન લગાવી રહ્યા છે.

વિતેલા વર્ષના અંતિમ મહિનામાં પૂરબહાર લગ્નની સીઝનથી પ્રજાને કોના ઘરે હાજરી આપવા જવું તેવા પેચીદા સવાલ ઉભા થયા હતા. ત્યારબાદ તા.૧૬ ડિસેમ્બરથી કમુહૂર્તનો પ્રારંભ થઈ જતાં અનેક ધંધાઓમાં સુનામી જેવી સ્થિતિ જોવા મળી. દરેક પરિવાર પોતાના સંતાનોનું દામ્પત્ય જીવન સફળ બની રહે તે માટે સારા મુહૂર્તમાં પરણાવવાની ઈચ્છા રાખતું હોય છે. નવા વર્ષના આરંભ સાથે તા.૧૫ જાન્યુઆરીથી કોરોનાના અનેક નિયંત્રણો સાથે લગ્નોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. પ્રથમ દિવસથી સમૂહ તેમજ જાકમજોળ ભર્યા લગ્નોના આયોજનમાં માત્ર સીમિત લોકોની હાજરીથી અનેક સબંધીઓ નારાજ થયા હોવાનું જાણવા મળ્યું છે. આગામી ૩ દિવસ દરમ્યાન બંને જિલ્લામાં ૩૦૦ થી વધુ લગ્નો આયોજીત થયા છે અને કોરોના સંક્રમણની ગતિ જોઈ મોટાભાગના પરીવારોએ ૧૫૦ થી ૨૦૦ લોકોને લગ્નમાં નિમંત્રણ આપ્યાનું જાણવા મળ્યું છે.

# ભિલોડામાં બે વેપારીઓ પાસેથી લોખંડ ખરીદી ૨.૫૭ લાખની છેતરપીંડી

## ચેક બાઉન્સ થયા બાદ લોખંડ ખરીદનાર ગાયબ : છેતરાયેલા વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવી

બાયડ, તા. ૧૫

ભિલોડામાં બિલ્ડીંગ મટીરીયલ્સની પેઢીમાંથી ૨ ઈસમોએ વાંકાનેર જી.આઈ.ડી.સી.માં બાંધકામ કરવા માટે રૂ. ૨,૫૭,૭૭૭નું લોખંડ ખરીદ્યા પછી વેપારીઓ સાથે છેતરપીંડી આચરતાં પોલીસ ફરિયાદ થઈ છે. લોખંડ ખરીદનાર ઠગ ઈસમોએ આપેલ ચેક બેંકમાં બાઉન્સ થયા પછી ગાયબ થઈ જતાં લોખંડના વેપારીઓ સલવાયા છે. બનાવ અંગે ભિલોડા પોલીસે વિશ્વાસઘાત-છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ખેડૂતો અને વેપારીઓ સાથે છેતરપીંડીના બનાવ સતત વધી રહ્યા છે. ભિલોડામાં બિલ્ડીંગ મટીરીયલ્સનો વેપાર કરનાર ગુલાબચંદ ધીરાભાઈ પટેલ (અંબિકા બિલ્ડીંગ મટીરીયલ્સ) અને અરવિંદભાઈ પટેલ (અવસર બિલ્ડીંગ મટીરીયલ્સ)ની પેઢીમાં આવેલા અતુલ પટેલ અને મયંક પંચાલ નામના બે ઈસમોએ પોતે કોન્ટ્રાકટર હોવાની ઓળખાણ આપી જેમાં વાંકાનેર જી.આઈ.ડી.સી.ના પ્લોટ નં.૩ માં આરો પ્લાન્ટ અને ઓફીસના બાંધકામ માટે લોખંડની જરુરીયાત હોવાનું કહી ગુલાબચંદ પટેલની પેઢીમાંથી રૂ. ૧,૨૬,૪૦૨ ની કિંમતની લોખંડની ૩૨ ભારી ખરીદી તે જ રીતે અરવિંદભાઈ પટેલની પેઢીમાંથી પણ રૂ. ૧,૩૧,૩૦૫ની કિમતે બીજી લોખંડની ૩૨ ભારી ખરીદ્યા બાદ બંને ઈસમો ટ્રેક્ટર ભાડે કરી લોખંડ ઉપાડી ગયા હતા. જેમાં બંને વેપારીઓને ચેક આપવામાં આવ્યા પરંતુ તે પાછળથી બાઉન્સ થયા. વેપારીઓએ વાંકાનેર જી.આઈ.ડી.સી.માં જઈ તપાસ કરતાં લોખંડની સાથે ઉપરોક્ત બંને ઈસમો પણ ગાયબ જોવા મળતાં પોતે ઠગ ઈસમોના હાથે છેતરાયા હોવાનું જણાઈ આવ્યું છે. બનાવ અંગે ગુલાબચંદ પટેલની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે લોખંડના વેપારીઓ સાથે ઠગાઈ કરનારા ઈસમોની શોધખોળ શરુ કરી છે.

# ઉત્તર ગુજરાતમાં કડવો લીમડો મહિલા જૂથ માટે સ્વરોજગારીનું કલ્પવૃક્ષ બનશે

## લીમડા વન તૈયાર કરી મહિલાઓને રોજગારી પૂરી પાડવા પ્રોજેક્ટ હેઠળ એમ.ઓ.યુ. : સ્વસહાય જૂથ દ્વારા વેચાણ માટેના સમજૂતી કરાર પૂર્ણ

બાયડ, તા. ૧૫

લીમડાના વધુ વૃક્ષો ધરાવતા ઉત્તર ગુજરાતમાં લીમડા વન તૈયાર કરવામાં આવશે. ગામડાંની મહિલાઓને સ્વરોજગારી આપી આર્થિક પગભર બનાવવા માટે જી.એન.એફ.સી. અને જી.એલ.પી.સી. વચ્ચે ગાંધીનગરમાં એમ.ઓ.યુ. સંપન્ન થયા. પ્રોજેક્ટ હેઠળ લીંબોડી એકત્રીકરણથી મહિલાઓને આર્થિક ફાયદો થવાથી આગામી સમયમાં કડવો લીમડો મહિલા જૂથ માટે કલ્પવૃક્ષ બની શકે છે.

જી.એન.એફ.સી. દ્વારા લીમડાના તેલ મિશ્રિત યુરીયા બનાવવા લીંબોડી એકત્રીકરણ થઈ રહ્યું છે. લીમડા તેલ બનાવવાનો સફળ પ્રયોગ વર્ષ-૨૦૧૫ થી રાજ્ય સરકારનું સાહસ ગણાતી જી.એન.એફ.સી. ચલાવે છે. ગામડાંની મહિલાઓ તેમજ નાના ખેડૂતો લીમડાના વૃક્ષોની લીંબોડી એકત્ર કરી અનેક જિલ્લાઓમાં આવક મેળવી રહ્યા છે. નિમ પ્રોજેક્ટ હેઠળ હોમ અને હેલ્થકેર પ્રોડક્સનું પણ ઉત્પાદન થઈ રહ્યું છે. મહિલા સ્વસહાય જૂથો નિમ પ્રોડક્સનું વેચાણ કરી આર્થિક રોજગારી મેળવે તે માટે જી.એન.એફ.સી. અને જી.એલ.પી.સી. વચ્ચે ગાંધીનગરમાં કરાર કરવામાં આવ્યા છે જેમાં એમ.ઓ.યુ. અનુસાર ઉત્તર ગુજરાતમાં દરેક તાલુકા સ્તરે લીમડા વન તૈયાર કરવાનું આયોજન કરાયું છે. એટલું જ નહીં પરંતુ લીંબોડી એકત્રીકરણ ખરીદ વ્યવસ્થા તથા સાબુ, શેમ્પ, હેન્ડવોશ, સેનેટાઈઝર જેવી ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓનું સ્વસહાય જૂથો દ્વારા વેચાણ થઈ શકે તે પ્રકારે સમજૂતી કરાર થયા છે. જી.એન.એફ.સી. દ્વારા થયેલ એમ.ઓ.યુ. ગામડાંના વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે માઈલસ્ટોન સાબિત થાય તો કદાચ નવાઈ નહીં હોય. આ સાથે સમાજ, અર્થતંત્ર અને પર્યાવરણને પણ તેનો લાભ થશે.



# માંકરોડામાં પ્રેમલગ્ન કરનાર યુવતીના મોતે સવાલ જગાવ્યા

ભિલોડા તાલુકાના માંકરોડાની પ્રેમલગ્ન કરનાર યુવતીના મોતે અનેક સવાલ જગાવ્યા છે. યુવતીનો મૃતદેહ બેડરુમમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા પછી હત્યા કે આત્મહત્યાનું રહસ્ય ઘેરાયું છે. મૃતકના પરિવારજનો દ્વારા ગંભીર આક્ષેપ થતાં પેનલ ટીમ દ્વારા મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરવા માટે પોલીસ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દોડી છે. હાલ તો પોલીસે એડી નોંધી તપાસ શરુ કરી છે. જિલ્લામાં હત્યા અને આત્મહત્યાના બનાવોને લીધે પોલીસ સતત દોડતી રહી છે. ગતરોજ ભિલોડાની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતી વિનાબેન અલ્પેશભાઈ નિનામાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે બેડરુમમાં ધાબાના હૂકમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી.